# રાજપૂતબોરીના ટપાલીનું ટેમ્પોની અડફેટે મોત


હિતેશ પટેલ

માંડવી: માંડવીના રાજપૂતબોરીમાં માંડવીથી કીમ જતા માર્ગ પર શનિવારે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અમલસાડી ખાતે પોસ્ટ ઓફિસમાં ટપાલી તરીકે ફરજ બજાવતા ખુમાનસિંહ માનસિંહ ચૌહાણ (ઉં.વ.૫૮) (રહે.,રાજપૂતબોરી) બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ પોતાની એક્ટિવા મોપેડ નં.(GJ.19.AQ.2653) લઈ ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન સામેથી પૂરઝડપે ધસી આવેલા ભારતબેંઝ ટેમ્પો નં.(GJ.19.Y.7548)ના ચાલકે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ખુમાનસિંહને ગંભીર ઈજા થઈ હતી. સ્થાનિકોએ તેમને ૧૦૮ મારફતે માંડવી સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. સુરત નોકરી કરતા મૃતકના પુત્ર યતિનકુમારને જાણ થતાં જ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પિતાના અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. માંડવી પોલીસે અજાણ્યા ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાંજણમાં નદીમાં ડૂબતાં કિશોરનું મોત

વ્યારા: રૂપવાડાના ચૌધરી ફળિયામાં રહેતો જેનીલકુમાર પરેશભાઈ ચૌધરી (ઉં.વ.16) ગત તા.29-5-2026ના રોજ ગોવાળદેવ મંદિરે પૂજા કરવા ગયો હતો. પૂજા બાદ જેનીલ કાંજણ ગામ નજીક ગોવાળ દેવ પાસે નજીકની ઝાંખરી નદીમાં નાહવા પડતાં નદીના ઊંડા પાણીમાં ખેંચાઈ જતાં તેનું ડૂબી જવાથી મોત થયું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોસંબા-તરસાડીના મુખ્ય માર્ગ પર ઓવરલોડ વાહનોની બેફામ દોડ!

**ડમ્પરે** રિક્ષાને અડફેટે લીધી: મુસાફરોનો ચમત્કારિક બચાવ

**નાના** વાહનચાલકોને દંડ, પણ બેફામ દોડતાં મોટાં વાહનો સામે પોલીસની રહેમનજરની બૂમ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા અને તરસાડી વચ્ચે કરોડો રૂપિયાના ખર્ચે પ્રજાની સુખાકારી માટે બનાવેલા રાજમાર્ગ પર પોલીસ તંત્રની નિષ્ક્રિયતા જોવા મળી રહી છે. આ માર્ગ પર ઓવરલોડ વાહનો રાત-દિવસ બેફામ પણે દોડી રહ્યા છે. બીજી તરફ, કીડિયારાની જેમ નાનાં વાહનોથી ઉભરાતા આ માર્ગ પર રોજેરોજ અકસ્માતો સર્જાતા સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

તાજેતરમાં જ એક ડમ્પરે રિક્ષાને અડફેટે લેતા મોટું નુકસાન થયું હતું, જેમાં મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માત બાદ લોકો એકઠા થઈ જતાં ઘટનાસ્થળે ઉગ્ર બોલાચાલી થઈ હતી, પરંતુ ત્યાં પોલીસની ગેરહાજરી વર્તાઈ હતી. ઉપરાંત આ જ માર્ગ પરથી બેફામ ગતિએ દોડતા એક ડમ્પર ચાલકે ગંભીર બેદરકારી દાખવીને એક મોપેડ ચાલકને ટક્કર મારી પાડી દીધો હતો. સદનસીબે આ ઘટનામાં પણ તેનો જીવ બચી ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અકસ્માત થતાં જ આસપાસથી લોકો દોડી આવ્યા હતા, પરંતુ ડમ્પર ચાલક વાહન સહિત ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

તરસાડી અને કોસંબા વિસ્તારની જનતા માટે જીવાદોરી સમાન ગણાતા આ માર્ગ પર રાત-દિવસ નાનાં વાહનોની ભારે અવરજવર રહે છે. આવા સમયે ભારે વાહનોના ત્રાસને કારણે સ્થાનિક લોકો માટે અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું છે અને નાના વાહનચાલકો સતત અસલામતી અનુભવી રહ્યા છે. કોઈ મોટો જીવલેણ અકસ્માત સર્જાય અથવા ત્રાસી ગયેલા લોકો કાયદો હાથમાં લે અને કોઈ મોટું ઘર્ષણ થાય, તે પહેલાં પોલીસ તંત્ર જાગીને આ મોટા વાહનો સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ આજે સ્થાનિક લોકોએ વોટ્સએપના માધ્યમથી કરી હતી.

### નંબર પ્લેટ વિનાનાં ડમ્પરો બેફામ દોડે છે, પણ પોલીસ તંત્ર તમાશો જુએ છે

તરસાડીના મુખ્ય માર્ગ પર વારંવાર સર્જાતા અકસ્માતોને પગલે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોના જણાવ્યા મુજબ માર્ગ પર અનેક ડમ્પરો નંબર પ્લેટ વિના બેફામ ગતિએ દોડી રહ્યાં છે, જે જનતા માટે જીવનું જોખમ બન્યાં છે. બીજી તરફ પોલીસ તંત્ર માત્ર બાઈક અને રિક્ષા જેવા નાના વાહન ચાલકો સામે કડક થઈને કેસો કરે છે, પરંતુ આ જોખમી મોટાં વાહનો સામે કોઈ જ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. પોલીસની આવી બેવડી નીતિ અને નિષ્ક્રિયતા સામે પ્રજામાં અનેક સવાલો ઊઠી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કરંજ ગામે જુગાર રમતા બે ઝડપાયા, બે વોન્ટેડ



માંડવી: માંડવીના કરંજ ગામે 'ક્રિષ્ના ટ્રેડર્સ' પાછળ ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર તડકેશ્વર પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા બે વેપારી બજરંગભાઈ ભેરૂલાલ જાજુ (રહે.,કીમ-મુળદ) અને દિનેશભાઈ નાનાલાલ પારેખ (રહે.,કામરેજ)ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૫૯,૮૦૦ની રોકડ, બે મોબાઈલ અને એક મોપેડ નં.(GJ-05-KY-5162) મળી કુલ રૂ.૯૯,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસને જોઈ અન્ય બે આરોપી રમેશભાઈ ભુવા અને જનકભાઈ નાસી છૂટતાં વોન્ટેડ જાહેર કરાયા હતા.

### લીંબી ગામની પરિણીતાની ફેક ઇન્સ્ટા આઇડી બનાવાતાં ગુનો નોંધાયો

સોનગઢ: ઉકાઈ તાલુકાના લીંબી ગામે રહેતી ૨૯ વર્ષીય પરિણીત મહિલાના અંગત ફોટોગ્રાફ્સ તેની જાણ બહાર મેળવી, સોશિયલ મીડિયા પર બદનામ કરવાનું કાવતરું સામે આવ્યું છે. કોઈ અજાણ્યા શખ્સે 'kirti vasava' નામે ફેસબુક પર અને 'kirti40450' નામે ઇન્સ્ટાગ્રામ પર મહિલાના ફોટો સાથે નકલી પ્રોફાઇલ બનાવી હતી. મિત્ર દ્વારા જાણ થતાં મહિલાએ તપાસ કરી સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર ઓનલાઇન ફરિયાદ કરી હતી. ત્યારબાદ ઉકાઈ પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવતાં પોલીસ ઇન્સપેક્ટર પી.એ.પારેખે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધજ પાસે બાઈક અડફેટે ખેડૂતનું મોત

વ્યારા: ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર ધજ ગામની સીમમાં ગત ૨૯ મેના રોજ રાત્રે રસ્તા પર ઉભેલા ૫૧ વર્ષીય ખેડૂત વિજયભાઈ કેશાભાઈ ગામીતને એક કેટીએમ ડ્યુક બાઈક નં.(GJ 26 AA 9200)ના ચાલકે પૂરઝડપે હંકારી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિજયભાઈને ગંભીર ઈજા પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક ચાલકને સામાન્ય ઈજા થઈ હતી. આ અંગે મૃતકના પુત્ર દિનેશ ગામીતે ફરિયાદ નોંધાવતાં ઉચ્છલ પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ભરૂચની ઝાડેશ્વર ચોકડી પર ટ્રકમાં આગ લાગતાં હાઇવે પર ટ્રાફિક જામ



ભરૂચ: ભરૂચ શહેર નજીક ઝાડેશ્વર ચોકડી વિસ્તારમાં અચાનક એક હાઈવા ટ્રકમાં ભીષણ આગ લાગી હતી. આ બનાવને કારણે વ્યસ્ત માર્ગ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને થોડા સમય માટે ટ્રાફિક જામની સમસ્યા ઊભી થઈ હતી. પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર ટ્રકમાં આગ લાગતાં જ વાહનચાલકે સમજદારી બતાવીને તરત જ ટ્રકની બહાર નીકળી જવામાં સફળતા મેળવી હતી. આ કારણે તેમનો જીવતો બચાવ થયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગ લાગવાની જાણ થતાંની સાથે જ ભરૂચ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરકર્મીઓએ તાકીદે આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગ આ બનાવની તપાસ હાથ ધરી રહ્યા છે.

### અંકલેશ્વરમાં ગેરકાયદે ગેસ સંગ્રહ અને વેચાણનો પર્દાફાશ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના જીઇબી રોડ વિસ્તારમાં આવેલા મોતાલા કંપાઉન્ડમાં રાંધણ ગેસની બોટલોનો ગેરકાયદે સંગ્રહ કરી છૂટક વેચાણ કરવામાં આવતું હોવાની બાતમીના આધારે શહેર એ-ડિવિઝન પોલીસે દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ત્રણ રહેણાક મકાનોમાંથી કુલ 18 ગેસ બોટલો કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસને મળેલી બાતમી મુજબ રહેણાક મકાનોમાં મોટી સંખ્યામાં ગેસ બોટલોનો જથ્થો ભેગો કરી ગેરકાયદે વેચાણ કરવામાં આવતું હતું. જેના આધારે પોલીસે મકાન નં.3, 4 અને 5માં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મકાન નં.3માં રહેતા નીલાબેન રમેશ ચોક્સીના ઘરમાંથી બે ભરેલી અને બે ખાલી મળી કુલ ચાર ગેસ બોટલો મળી આવી હતી. જેની અંદાજિત કિં.રૂ.8 હજાર હોવાનું જાણવા મળ્યું હતું. મકાન નં.૪માં રહેતાં અનિલાબેન દિનેશ મોદીના ઘરમાંથી બે ભરેલી અને પાંચ ખાલી મળી કુલ સાત ગેસ બોટલ મળી આવી હતી. આ બોટલોની કિંમત અંદાજે રૂ.12,500 હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ઉપરાંત મકાન નં.5માં રહેતા રમણ વિઠ્ઠલ પટેલના ઘરમાંથી પાંચ ભરેલા અને બે ખાલી મળી કુલ સાત ગેસ બોટલો મળી આવી હતી. જેની કિંમત અંદાજે રૂ.15,500 હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ત્રણેય સ્થળેથી કુલ 18 ગેસ બોટલ કબજે કરી હતી.



### નિઝરના પુરસોત્તમ નગરમાં વીજ ધાંધિયા બાબતે DGVCLને લેખિત રજૂઆત

કુકરમુંડા: નિઝરના પુરસોત્તમનગર વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી અવારનવાર વીજ પુરવઠો ખોરવાવા અને લો-વોલ્ટેજની સમસ્યાથી સ્થાનિક રહીશો પરેશાન છે. આ અંગે રહીશોએ DGVCL નિઝર વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. અરજીમાં જણાવાયું છે કે, આજુબાજુના વિસ્તારોમાં નિયમિત લાઈટ રહે છે, જ્યારે પુરસોત્તમનગર અલગ ફીડર સાથે જોડાયેલ હોવાથી અહીં વારંવાર વીજળી ગુલ થઈ જાય છે. નિયમિત બિલ ભરવા છતાં આવી સમસ્યાથી ઘરેલુ ઉપકરણો બગડવાની ભીતિ છે. રહીશોએ આ વિસ્તારને તાત્કાલિક નિઝર ટાઉનના ફીડર સાથે જોડી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે.



# કુકરમુંડામાં ગેરકાયદે રેતી સંગ્રહ સામે તંત્રની કાર્યવાહી

**જૂના** પીપલાસ ગામે રેતીનો જથ્થો અને ટ્રક સીઝ કરાઈ

કુકરમુંડા: તાપી જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ નિઝર અને કુકરમુંડા મામલતદારની ટીમ દ્વારા શુક્રવારે કુકરમુંડાના જૂના પીપલાસ ગામે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અલ્પેશ બાબુભાઈ પંચાલની રેતીની લીઝ પર હાજર કર્મચારીઓ રેતી સંગ્રહના જરૂરી કાગળો, રોયલ્ટી પાસ કે અન્ય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. પુરાવાઓમાં વિસંગતતા જણાતા તંત્રએ રૂ.૫ લાખની કિંમતનો અંદાજિત ૩૦૦ ટન સાદી રેતીનો જથ્થો સીઝ કર્યો હતો. આ સાથે લીઝ એરિયાની માપણી કરાવીને તેનો કોડ તાત્કાલિક બંધ કરવા ભૂસ્તર વિભાગને જાણ કરાઈ છે.

આ ઉપરાંત, ઓપરેશન દરમિયાન વિસ્તારમાંથી પસાર થતી એક શંકાસ્પદ રેતી ભરેલી ટ્રક નં.(GJ-26-T-7185)ને રોકી ચકાસણી કરવામાં આવી હતી. ટ્રકના ડ્રાઈવર પાસે રોયલ્ટી પાસ કે અન્ય માન્ય દસ્તાવેજો ન મળતાં તંત્ર દ્વારા ૨૨ ટન રેતી અને ટ્રક સહિત કુલ રૂ.૨૨.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તંત્રની આ સંયુક્ત કાર્યવાહીથી ગેરકાયદેસર ખનન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# બારડોલી-તેન માર્ગ ઉપર નહેરનું ગરનાળું બેસી ગયું



**તંત્રની** ઘોર બેદરકારી, ચોમાસા પહેલાં અકસ્માતનો મોટો ખતરો

બારડોલી: બારડોલીથી તેન તરફ જતાં વ્યસ્ત માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. આ માર્ગ પર આવેલું નહેરનું એક ગરનાળાનો થોડો ભાગ છેલ્લા લાંબા સમયથી એકાએક બેસી ગયો છે, જેના કારણે અહીંથી પસાર થવું અત્યંત જોખમી બની ગયું છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ જગ્યાને સુરક્ષાના ભાગરૂપે કોર્ડન કરીને રસ્તો બંધ તો કરી દેવાયો છે, પરંતુ લાંબો સમય વીતી ગયો હોવા છતાં તેના કાયમી સમારકામ માટે હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી.

આ ગરનાળું મુખ્ય રોડ અને કેનાલ રોડના બિલકુલ જંક્શન પર જ આવેલું છે. મુખ્ય જંક્શન પર જ રસ્તો બ્લોક થઈ જતાં દરરોજ હજારો વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પિક અવર્સ દરમિયાન આ સાંકડા બચેલા માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગે છે અને ટ્રાફિક જામની ગંભીર સ્થિતિ સર્જાય છે. વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં તંત્રની આ ઢીલી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સૌથી મોટો ચિંતાનો વિષય એ છે કે હવે ચોમાસું બિલકુલ નજીક છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ શરૂ થશે અને નહેરમાં પાણી છોડવામાં આવશે, તો આ પહેલાંથી જ ક્ષતિગ્રસ્ત થયેલું ગરનાળું વધુ બેસી જવાની અથવા તો સંપૂર્ણ ધરાશાયી થવાની પૂરેપૂરી સંભાવના છે. આવી સ્થિતિમાં કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકે છે અને કોઈ નિર્દોષ વાહનચાલકનો જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. સ્થાનિક લોકોની માંગ છે કે તંત્ર આળસ ખંખેરીને ચોમાસું બેસે તે પહેલાં જ યુદ્ધના ધોરણે આ ગરનાળાનું નવું બાંધકામ કે સમારકામ પૂર્ણ કરે, જેથી સંભવિત હોનારતને ટાળી શકાય.


ઈલ્યાસ શેખ

# કામરેજ નજીક લક્ઝરી બસમાંથી ગાંજો ઝડપાયો

**એક** કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચનાથી માદક પદાર્થોની હેરાફેરી સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખાને મોટી સફળતા મળી છે. એસ.ઓ.જી. પી.એસ.આઈ. જયરાજસિંહ રાવ અને તેમની ટીમે કામરેજના વલથાણ ગામે નેશનલ હાઈવે-૪૮ પર વોચ ગોઠવી વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. વાહન ચેકિંગ દરમિયાન અમદાવાદ તરફથી આવી રહેલી 'જાખર ટ્રાવેલ્સ'ની શંકાસ્પદ વોલ્વો લક્ઝરી બસ નં.(AR-11-M-8888)ને અટકાવવામાં આવી હતી. પોલીસે બસના ચાલક સાબુદીન છૈલુખાન તૈલી (રહે.,જોધપુર, રાજસ્થાન)ની પૂછપરછ કરી બસની ડેકીમાં તપાસ કરતાં પ્લાસ્ટિકની કોથળીમાં સેલોટેપથી વીંટાળેલું એક મોટું પાર્સલ મળી આવ્યું હતું. FSLના અધિકારીઓની હાજરીમાં તપાસ કરતાં તેમાંથી રૂ.૪,૫૧,૦૦૦ની કિંમતનો ૯.૦૨૦ કિલોગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ૪.૫૧ લાખનો ગાંજો, રૂ.૧ કરોડની કિંમતની લક્ઝરી બસ, બે મોબાઈલ ફોન અને ૩,૨૨૦ રોકડા મળી કુલ રૂ.૧,૦૫,૦૪,૨૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, બસ ચાલકે આ જથ્થો અન્ય આરોપી સુરેશ બિશ્નોઈના કહેવાથી બેંગલોર ખાતે કોઈ અજાણ્યા ઈસમને આપવા માટે છુપાવ્યો હતો. આ મામલે કામરેજ પોલીસે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી બસ ચાલકની ધરપકડ કરી છે અને વોન્ટેડ આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# રખેવાળ જ બન્યા ચોર પલસાણાની વાડીઓમાંથી ૧૨૦ મણ કેસર કેરી સાફ!

**બે** રખેવાળ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

પલસાણા: પલસાણા તાલુકામાં ભાડે રાખેલી કેરીની વાડીઓની સુરક્ષા કરતા રખેવાળોએ જ માલિક સાથે વિશ્વાસઘાત કરી આશરે ૧૨૦ મણ કેસર કેરીની ચોરી કર્યાની ઘટના સામે આવી છે. આ અંગે પલસાણા પોલીસ મથકે બે રખેવાળ વિરુદ્ધ ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ ઇટાળવા ગામે રહેતા નઈમ ફારૂખ રાઈન છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતમાં કેરીની વાડીઓ ભાડા પટ્ટે રાખી વેચાણનો ધંધો કરે છે. તેમણે ૨૦૨૪થી ત્રણ વર્ષ માટે મલેકપોર, સીયોદ અને વણેસા ગામની સીમમાં કેરીની વાડીઓ ભાડે રાખી છે. આ વાડીઓની દેખરેખ માટે તેમણે વતનના બે મજૂર યોગેશ બનવાસી અને છોટા રમેશ બનવાસીને નોકરી પર રાખ્યા હતા.

ગત ૧૮ મેના રોજ મુખ્ય રખેવાળ યોગેશ માલિકને જોઈ ગભરાઈને ભાગી છૂટ્યો હતો. ત્યારબાદ નઈમભાઈને માહિતી મળી હતી કે વણેસાની વાડીએ રાત્રે યોગેશ અજાણ્યા માણસો અને ટેમ્પો સાથે આવીને કેરીઓ ચોરી ગયો છે. વાડી પર હાજર બીજા રખેવાળ છોટા રમેશની કડકાઈથી પૂછપરછ કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. તેણે કબૂલાત કરી હતી કે યોગેશે અગાઉ સિયોદની વાડીમાંથી પણ ટેમ્પો ભરીને કેરી ચોરી હતી અને પોતાનું મોં બંધ રાખવા રૂ.૧,૦૦૦ આપ્યા હતા.

બંને રખેવાળોએ માલિકની ગેરહાજરીનો લાભ ઉઠાવી ત્રણેય વાડીઓમાંથી રૂ.૬૦,૦૦૦ની કિંમતની ૧૨૦ મણ તૈયાર કેસર કેરી ચોરી કરીને વેચી મારી હતી. કેરીની સિઝન હોવાથી માલિક વેચાણમાં વ્યસ્ત હતા, જેથી મોડા એટલે કે ૨૯ મેના રોજ ફરિયાદ નોંધાઈ છે. પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ મહિલા પીએસઆઈ નીરંજનાબેન ગામીતને સોંપી છે.

# કામરેજનીસંકલનસભામાં મંત્રી પ્રફુલભાઈ અકળાયા

કામરેજ: કામરેજમાં સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ સંકલન સમિતિની મિટિંગ કામરેજ તાલુકા પંચાયતના મિટિંગ હોલમાં અલગ અલગ વિભાગના અધિકારીઓ તેમજ તાજેતરમાં જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ચુંટાયેલા પ્રતિનિધિઓની હાજરીમાં યોજાઈ હતી. આ મિટિંગ કામરેજના ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા તેમજ સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી, તાલુકા પંચાયત પ્રમુખ કૌશલ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગ મંત્રી દ્વારા પડતર પ્રશ્નો બાબતે સુડાના સત્તાધીશોનો ઉધાડો લેવામાં આવ્યો હતો. ત્રણ વર્ષથી કામ નથી કરતાં લોકોના ઉપયોગ માટે કર્તવ્ય નથી તેમ કહી ખખડાવ્યા હતા. છેલ્લા લાંબા સમયથી સર્વિસ રોડ પર દબાણોને લઈને લોકોને પડતી મુશ્કેલીઓ, તલાટી દ્વારા આવકના દાખલા માટે ધક્કા ખવડાવવા, લોકોને પાણી, લાઈટ કનેકશન મળતાં ન હોઈ તો સરપંચને સસ્પેન્ડ કરવાની વાત મંત્રીએ કરી હતી. લોકો મારી પાસે આવે તે પહેલાં પરિણામ જોઈએ એવી વાત મંત્રી મિટિંગમાં કરતાં અધિકારીઓમાં સોપો પડી ગયો હતો. આ મિટિંગમાં કામરેજ પ્રાંત, તાલુકા વિકાસ અધિકારી, સુડા, તલાટીઓ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.


બી.એડ. (B.Ed.) અને એમ.એડ. (M.Ed.) પ્રવેશઃ વર્ષ ૨૦૨૬-૨૭

વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો

(૧) સરદાર પટેલ બી.એડ. કોલેજ (ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ સંલગ્ન)

સરનામુંઃ સીમા હોલ પાછળ ૧૦૦ ફૂટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ

(૨) વિદ્યાસાગર બી.એડ. કોલેજ (હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન)

સરનામુંઃ- મુ.દાણોદરડા, તા. ચાણસ્મા, જિ. પાટણ

ફી નું ધોરણઃ- બી.એડ.ની ફીઃ રૂ. ૪૦,૦૦૦- એમ.એડ.ની ફીઃ રૂ. ૬૦,૦૦૦ (વાર્ષિક)

(સરકારશ્રીના નિયમ મુજબ SC/ST વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની સુવિધા)

- પ્રવેશ માટે રૂબરૂ મળો

જીવન સાધના વિદ્યાલય

ઉકાઈ ડેમ, તા.ઉકાઈ, જિ. તાપી. મોબાઈલ નંબરઃ- ૯૪૨૭૬ ૭૨૭૦૪

વધુ માહિતી અને પ્રવેશ માટે સંપર્ક કરોઃ મોબાઈલ નંબરઃ ૯૮૭૯૨ ૩૧૧૦૨



Milano MULTIPLEX

બારડોલી

Chand Mera Dill
10:00am, 04:00pm

Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm

Kabanda-Gujarati
12:00pm, 09:00pm

Dhabkaaro-Gujarati - 07:00pm

Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333


### નામ બદલેલ છે.

મારા પાસપોર્ટ નંબર E0998729 માં મારા પતિનું નામ ભૂલથી બળવંતરાય ખુશાલભાઈ લખાયેલું છે, જે ખરેખર બળવંતભાઈ છે. હવે થી હું પન્નાબેન બળવંતભાઈ પટેલ તરીકે ઓળખાઈશ જેની સર્વે નોંધ લેવી.

લિ. પન્નાબેન બળવંતભાઈ પટેલ
સરનામું : કોસાડી,તા.માંડવી, જિ.સુરત (ગુજરાત-ભારત)

### જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૬૪/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૯/૫/૨૦૨૬

વાદી: રાજુભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ, રહે. વલણ ફળિયુ, ઉ.પરબ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી નનસાડ નનસાડ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી રાજુભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ, રહે. વલણ ફળિયુ, ઉ.પરબ, તા.કામરેજ, જી.સુરતના પિતા લક્ષ્મણભાઈ ગોમાનભાઈ રાઠોડનું મરણ તા.03/05/2001 ના રોજ નનસાડ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૭/૭/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ